# આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ

# સંતરામપુર

## NSS( રાષ્ટ્રીય સેવા યોજના)

## વાર્ષિક શિબિર

## તારીખ:-20/03/2023 થી 26/03/2023

## સ્થળ :- મુખ્ય પ્રાથમિક શાળા નર્સિંગપુર,

## તા :- સંતરામપુર, જિ :- મહીસાગર

| ક્રમ | એકટીવિટી | તારીખ |
|---|---|---|
| 1 | કેમ્પસ સફાઈ<br>ગામ સંપર્ક<br>ઉદ્ઘાટન સમારોહ<br>વિશ્વ ચકલી દિવસ નિમિતે ચકલીના માળા નું વિતરણ | 20/03/2023 |
| 2 | પર્યાવરણ જાગૃતિ રેલી<br>મામલતદાર કચેરીની મુલાકાત<br>સંતરામપુર સબજેલની મુલાકાત | 21/03/2023 |
| 3 | ગ્રામીણ રમતો અને ખેલ મહાકુંભ અંગેની જાણકારી<br>ગામનો સર્વે<br>સાયબર ક્રાઇમ જાગૃતિ અંગે પીઆઇ સાહેબનું વ્યાખ્યાન | 22/03/2023 |
| 4 | સ્વચ્છતા રેલી<br>અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમ<br>એનિમિયા ચેકઅપ કેમ્પ | 23/03/2023 |
| 5 | વ્યસનમુક્તિ રેલી<br>ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામ<br>સિકલ સેલ ચેકઅપ કેમ્પ<br>મહાત્મા ગાંધી ક્વિઝ | 24/03/2023 |
| 6 | યોગ અને પ્રાણાયામ<br>ગ્રામીણ રમતો<br>મેન્ટલ હેલ્થ અવરનેસ વ્યાખ્યાન | 25/03/2023 |
| 7 | સર્ટિફિકેટ વિતરણ<br>સમાપન સમારોહ | 26/03/2023 |

આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર NSS યુનિટ ની વાર્ષિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું. NSS વિભાગ તેમજ રાજ્ય NSS અધિકારીની પરવાનગી લીધા પછી બે વાર શાળાની મુલાકાત લઈ શાળાના આચાર્યશ્રી લક્ષ્મણભાઈ ખરાડી તેમજ શાળાના શિક્ષકોનો અભિપ્રાય જાણ્યું હતું. ત્યારબાદ ગામના સરપંચ શ્રી રમેશભાઈ સંગાડા ની પણ મુલાકાત લીધી હતી. SMC ના પ્રમુખશ્રી કોયાભાઈ પી ભાભોર ની પણ મુલાકાત લીધી હતી. બધા જ મિત્રોના સંપૂર્ણ સાત સહકારથી નર્સિંગપુર મુખ્ય પ્રાથમિક શાળામાં વાર્ષિક શિબિરનું આયોજન નક્કી થયું હતું.

કોલેજના પ્રિન્સિપાલ ડૉ.અભય પરમાર સાહેબ તેમજ કોલેજના મેનેજમેન્ટના હોદ્દેદારોના સાથ સહકારથી તેમજ અધ્યાપક મિત્રોના સંપૂર્ણ ટેકાથી તારીખ :-20/03/2023 થી 26/03/2023 દરમ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

NSS વોલન્ટીયર્સ ની શિબિર પુર્વે બે ત્રણ મિટિંગો યોજીને શિબિર માટે વોલન્ટીયર્સ ને તૈયાર કર્યા હતા તેમજ જરૂરી સાધન સામગ્રી તૈયાર કરી શિબિર દરમિયાન કરવા માટેની વિવિધ પ્રવૃત્તિઓની યાદી કરી હતી.

## ઉદ્ઘાટન સમારોહ

## તારીખ:-20/03/2023

તરીખ:-20/03/2023 ને સોમવારના રોજ સાંજના ત્રણ કલાકે ઉદ્ઘાટન સમારંભ રાખવામાં આવ્યો હતો. તેની પૂર્વ તૈયારી માટે બપોરના એક વાગ્યાથી જ વોલન્ટીયર્સ દ્વારા બધી જ તૈયારી શરૂ કરી દીધી હતી. શાળા કેમ્પસની સફાઈ સંપૂર્ણપણે કરી મંડપ તેમજ બેઠક વ્યવસ્થા ગોઠવી દીધી હતી. કેટલાક વોલન્ટીયર્સ ઉદ્ઘાટન સમારંભમા ગ્રામજનો ને ઉપસ્થિત રહેવા બાબતે જાણ કરી હતી.

મુખ્ય મહેમાન શ્રી કૌશિક જાદવ સાહેબ (નાયબ કલેકટર) ની અધ્યક્ષતામાં કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. શાળાના આચાર્યશ્રી લક્ષ્મણભાઈ ખરાડી, સરપંચ શ્રી રમેશભાઈ, SMC અધ્યક્ષ કોયાભાઈ તેમજ ગામના વડીલો ઉપસ્થિત રહ્યા હતા. કોલેજ નો પ્રોફેસર સ્ટાફ, શાળાની બાળકોની વિશાળ હાજરીથી કેમ્પસ ભરાઈ ગયો હતો.

તારીખ :- 20/03/2023 વિશ્વ ચકલી દિવસ હોવાથી સેવ નેચર સેવ વાઈલ્ડ લાઈફ, મહીસાગર સંસ્થાના મયુરભાઈ પ્રજાપતિ અને એમની ટીમના સભ્યો હાજર રહ્યા હતા. પ્રાથમિક શાળાની બાળકોએ સુંદર અભિનય ગીત દ્વારા મહેમાનોનું સ્વાગત કર્યું હતું પ્રાર્થના દીપ પ્રાગટ્ય અને પુષ્પગુચ્છથી મહેમાનો સ્વાગત કર્યા બાદ શિબિર દરમિયાન કરવાની વિવિધ પ્રવૃત્તિઓની રૂપરેખા જણાવવામાં આવી હતી.SDM શ્રી કૌશિકભાઈ જાદવ સાહેબે શિબિર ની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી વિશ્વ ચકલી દિવસ નિમિત્તે સેવ નેચર એન્ડ સેવ વાઈલ્ડ લાઇફ મહીસાગર સંસ્થાના મયુરભાઈ પ્રજાપતિએ અને તેમની ટીમ દ્વારા ચકલીના માળા નું વિતરણ કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ શાળાની બાળકીઓ દ્વારા સુંદર બેટી બચાવો થીમ પર અભિનય ગીત રજૂ કર્યું હતું અને કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક શ્રી રમેશભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું.




૨૦ મી માર્ચ
વિશ્વ ચકલી દિવસ
Wild Life Rescue Mahisagar
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, વિંઝોલ, (ગોધરા) સંલગ્ન
રાષ્ટ્રીય સેવા યોજના
N.S.S.
:: વાર્ષિક શિબિર ::
અંધશ્રધ્ધા નિવારણ
@ajay706922




@ajay706922

## **તારીખ :- 21/03/2023**

વાર્ષિક શિબિરના બીજા દિવસે સવારે પ્રાર્થના વ્યાયામ અને કેમ્પસ સફાઈ કામ કર્યા બાદ 21 માર્ચ વિશ્વ વન દિવસ નિમિત્તે ગામમાં પર્યાવરણ જાગૃતિ અર્થે રેલીનું આયોજન કર્યું હતું. ગ્રામજનો શહીત શાળાના બાળકો અને વોલન્ટીયર્સ દ્વારા રેલી કાઢવામાં આવી હતી.' જળ એજ જીવન',' વૃક્ષ વાવો જીવન બચાવો', જેવા નારાઓ સાથે સમગ્ર ગામમાં રેલી કાઢવામાં આવી હતી

ત્યારબાદ સંતરામપુર નગરમાં પણ બસ સ્ટેન્ડ થી મામલતદાર કચેરી ટાવર રોડ સુધી પર્યાવરણ જાળવણી રેલીનું આયોજન કર્યું હતું ઢોલ ત્રાસા સાથે ઊંચા અવાજે સૂત્રો પોકારતા વોલન્ટીયર્સ ને જોઈને નગરજનોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. ત્યારબાદ મામલતદાર કચેરીની મુલાકાત ગોઠવવામાં આવી હતી. નાયબ મામલતદાર શ્રી અલ્પેશભાઈ પટેલ દ્વારા મામલતદાર કચેરીના વિવિધ કામોની માહિતી આપી હતી ત્યારબાદ મધ્યાહ્ન ભોજન શાખા ATVT સેન્ટરની મુલાકાત લીધી હતી. નાયબ મામલતદાર જનકભાઈ ડામોરે ATVT સેન્ટરની કામગીરી અંગે સુંદર માહિતી આપી હતી.

ત્યારબાદ મામલતદાર સાહેબની પરવાનગી લીધા પછી સંતરામપુર સબ જેલની મુલાકાત ગોઠવવામાં આવી હતી. તમામ વોલન્ટીયર્સ શિસ્તબંધ રીતે જેલ કેમ્પસમાં પ્રવેશ કર્યો હતો. ત્યાં જેલર સાહેબ સૌનું સ્વાગત કર્યું હતું. તેમજ જેલની વિવિધ બેરેકોનો પરિચય કરાવ્યો હતો જેલમા કેદ કેદીઓ કઈ સજામાં કયા ગુનામાં સજા ભોગવી રહ્યા છે તે અંગે માહિતી આપી હતી તેમજ પોકસો એક્ટ દારૂ લૂંટફાટ વગેરેના ગુનેગારો ની માહિતી આપી હતી.

જેલ જેવા વિભાગમાં સામાન્ય રીતે કોઈને પ્રવેશ મળતો નથી.પરંતુ શિબિરાર્થી વિદ્યાર્થીઓ હોવાના નાતે જેલની મુલાકાતની તકમળી તેનાથી વોલન્ટીયર્સ ખૂબજ ઉત્સાહ જોવા મળ્યો હતો.




@ajay706922


નાયબ મામલતદાર (મહેસુલ)
અને
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,
સંતરામપુર
ay706922


આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર
રાષ્ટ્રીય સેવા યોજના
N.S.S.
:: વાર્ષિક શિબિર ::
NOT ME BUT YOU
@ajay706922


IIFL FINANCE
સબ જેલ સંતરામપુર
સબ જેલ સંતરામપુર
આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર
રાષ્ટ્રીય સેવા યોજના
N.S.S.
NOT ME BUT YOU
@ajay706922

## <u>તારીખ :- 22/03/2023</u>

શિબિરના ત્રીજા દિવસે વિદ્યાર્થીઓની ટીમ વિભાજીત કરી નવી નવી ટીમો બનાવી હતી. કેમ્પસ સફાઈ અને પ્રાર્થના બાદ શાળા કેમ્પસમાં શાળાના નિવૃત્ત શિક્ષક અને સમાજસેવક સુરેશભાઈ ભાવસાર દ્વારા વોલન્ટીયર્સ ને ખેલ મહાકુંભ અંગે પૂરતી જાણકારી આપી હતી તેમજ વિવિધ રમતો રમાડવામાં આવી હતી. શાળામાં રજા હોવા છતાં પણ ઘણા બધા બાળકો શાળામાં આવ્યા હતા.

ત્યારબાદ વોલન્ટીયર્સ દ્વારા ગામનો સર્વે કરવામાં આવ્યો હતો ગામના વિવિધ ફળિયામાં પહોંચી સર્વે ફોર્મ દ્વારા ગામના લોકોની માહિતી એકત્રિત કરી હતી. ઘરે ઘરે જઈને માહિતી એકત્રિત કર્યા બાદ જાણકારી મળી કે હજુ પણ ઘણા ઘરોમાં શૌચાલયની સગવડ નથી ઘણા ઘરોમાં પીવાના પાણીની પૂરતી સગવડ નથી. લોકોને સિકલ સેલ કે એનીમિયા વિશે પણ જાણકારી નથી. ઘણા લોકોને કમાવા માટે બહારગામ જવું પડે છે તેમજ ઘણા લોકો પાસે માં અમૃતમ કાર્ડ પણ નથી.

સર્વે બાદ સારી બાબત એ જાણવા મળી કે લોકો ભૂત કે ડાકણમાં માનતા નથી, તેમજ મોટાભાગના લોકો મતદાન કરવા જાય છે, અને દીકરીના જન્મને પણ વધાવવામાં આવે છે. ગામના સર્વે દરમિયાન વોલન્ટીયર્સ ખૂબ જ સુખદ અનુભવ થયા ગામના લોકોનો પ્રેમ અને આતિથ્ય માણવાનો મોકો મળ્યો. ગામ લોકોએ, વોલન્ટીયર્સ ને પ્રેમથી આવકાર્યા હતા અને સહકાર પણ આપ્યો હતો.




@ajay706922


શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ, (ગોધરા) સંલગ્ન
આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર
રાષ્ટ્રીય સેવા યોજના
N.S.S.
:: વાર્ષિક શિબિર ::
તા. ૨૦/૦૩/૨૦૨૩ થી તા. ૨૬/૦૩/૨૦૨૩
મું. મુખ્ય પ્રાથમિક શાળા, નરસીંગપુર, તા. સંતરામપુર, જિ. મહીસાગર
માર્ગ સલામતી
અંગદાન
અંધશ્રધ્ધા નિવારણ
NOT ME BUT YOU
@ajay706922


@ajay706922


@ajay706922

બપોરબાદ માર્ગસલામતી જાગૃતિ અને સાઇબરક્રાઇમ જાગૃતિ અંગેનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.આ કાર્યક્રમમાં વિષય નિષ્ણાંત અને વક્તા તરીકે સંતરામપુર પોલીસસ્ટેશનના પીઆઇ શ્રી કે કે ડીંડોર સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી પી આઈ કે કે ડીંડોડ સાહેબે વોલન્ટીયર્સ  સમક્ષ ટ્રાફિક જાગૃતિ અને સાયબર ક્રાઇમ અંગે માર્ગદર્શન આપ્યું હતું.








2023.03.22 11:21

## <u>તારીખ :-23/03/2023</u>

શિબિર ના ચોથા દિવસે નિયત સમયે સફાઈ, પ્રાર્થના, યોગા – પ્રાણાયામ બાદ ગામમા સ્વછતા અભિયાન અંતર્ગત સ્વછતા રેલી કાઢવામાં આવી. શાળાના બાળકો અને NSS વોલન્ટીયર્સ ઉંચા અવાજે સ્વછતા ને લગતા સૂત્રો પોકાર્યા હતા. જેનાથી ગ્રામ જનો માં પણ ઉત્સાહ જોવા મળ્યો હતો.

ત્યારબાદ શિબિર માં અંધ શ્રદ્ધા નિવારણ કાર્યક્રમ રાખ્યો હતો. વિષય નિષ્ણાંત તરીકે માલવણ આર્ટસ કોલેજના પ્રો. સત્યમ જોશી સાહેબ આવ્યા હતા. પ્રિ. ડૉ. અભય પરમાર અને નેક. કૉ. ઓડ્રિનેટર દેવરાજ નંદા સાહેબ પણ શિબિરમાં પધાર્યા હતા. ડૉ. સત્યમ જોશી એ પોતાની વિવિધ ટેકનીક દ્વારા ચમત્કારો અંગે વોલન્ટીયર્સ ને જાગૃત કયા હતા તેમ જ બ્લેડ ગળી જવી.દૂધ પી જવું હાથ પર સળગતો સળિયો અડકડવો રંગ ઓળખવો પાના ઓળખવા વગેરે પ્રયોગો કર્યા હતા. ભૂત કાઢવું કે નારિયેળ માંથી કંકુ ચુંદડી કાઢવી જેવી બાબતો ઢોંગી લોકો કેવી રીતે કરે છે તે સમજાવ્યું હતું.

ત્યારબાદ તે દિવસે દાણી ફાઉન્ડેશન કપડવંજ અને હેડગેવાર સેવા સમિતિ દ્વારા લોહીની ઉણપ એનિમીયા ચેકઅપ કેમ્પ રાખવામાં આવ્યો હતો. આ માટે ડોક્ટર વિરેન જોશી અને નીતાબેન જોશી કેમ્પમાં ઉપસ્થિત રહ્યા હતા જેમણે લોહીની ઉણપ અંગે વિગતવાર માહિતી આપી હતી તેમજ ગામ લોકોને આ અંગે કેવી સ્થિતિ છે એ ચેક કરાવવા વોલન્ટીયર્સ ને કીટ પણ આપી હતી. અને દરેક ફળિયામાં જઈને ગામ લોકોના લોહીના પ્રમાણ નું ચેકઅપ કર્યું હતું.

ત્યારબાદ શાળાના બાળકો માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન પણ કર્યું હતું.




સ્વચ્છ આચાર
રોગ લાચાર
સ્વચ્છ રહો
સ્વસ્થ રહો
@ajay706922


આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર
રાષ્ટ્રીય સેવા યોજના
N.S.S.
વાર્ષિક શિબિર
NOT ME BUT YOU
નરસીંગપુર મુખ્ય પ્રાથમિક શાળા
N.S.S.
@ajay706922


નરસીંગપુર મુખ્ય પ્રાથમિક શાળા
આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર
રાષ્ટ્રીય સેવા યોજના
N.S.S.
:: વાર્ષિક શિબિર ::
NOT ME BUT YOU
રાષ્ટ્રીય સેવા યોજના
N.S.S.
અંધશ્રદ્ધા નિવારણ
NOT ME BUT YOU
@ajay706922


@ajay706922


આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર
રાષ્ટ્રીય સેવા યોજના
N.S.S.
:: વાર્ષિક શિબિર ::
રાષ્ટ્રીય સેવા યોજના
N.S.S.
@ajay706922



## <u>તારીખ :- 24/03/2023</u>

શિબિર ના પાંચમા દિવસે વ્યસન મુક્તિ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો. વોલન્ટીયર્સ દ્વારા વ્યસન મુક્તિ રેલીનું આયોજન કર્યું હતું. આ માટે એક ઠાઠડી બનાવી હતી જેમાં બધા જ પ્રકારના વ્યસનોના પ્લાસ્ટિક પેકેટ દારૂની ખાલી બોટલ અને કેન લટકાવીને આખા ગામમાં વ્યસનની ઠાઠડી કાઢવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ઊંચા અવાજે વ્યસન મુક્તિ ના સૂત્રો પોકાર્યા હતા ત્યારબાદ શાળાના દરવાજા સામે વ્યસન ની ઠાઠડીને જાહેરમાં સળગાવી દીધી હતી.

ત્યારબાદ બીજો પ્રોગ્રામ ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામ અને થેલેસેમિયા, સિકલ સેલ તપાસ કેમ્પ રાખ્યો હતો. આ માટે ડોળી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાંથી નીલમબેન, પરસોત્તમભાઈ તેમજ તેમનો સ્ટાફ હાજર રહ્યો હતો અને સેવા આપી હતી. ડૉ. સાહેબે વિદ્યાર્થીઓને આરોગ્ય લક્ષી સુંદર માહિતી આપી હતી. અને તમામ લોકોએ સિકલસેલ અને એનિમિયા ની તપાસ કરાવી હતી.

ત્યારબાદ વોલન્ટીયર્સ માટે મહાત્મા ગાંધીજીના જીવન અને કાર્ય વિશે પણ મહાત્મા ગાંધી ઓબ્જેકટીવ ટેસ્ટનું આયોજન કર્યું હતું. જેમાં મહાત્મા ગાંધીના જીવન અને કાર્યને સમજી એમના આદર્શો આપણા જીવનમાં ઉતરે એવા ઉદ્દેશ સાથે આ ટેસ્ટ લેવામાં આવ્યો હતો.

ત્યારબાદ શાળાના બાળકો માટે મહેંદી સ્પર્ધા અને રંગોળી સ્પર્ધાનું આયોજન કર્યું હતું કુલ 45 જેટલા બાળકો એ ભાગ લીધો હતો.






રાષ્ટ્રીય સેવા યોજના
N.S.S.
NOT ME BUT YOU








આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર
રાષ્ટ્રીય સેવા યોજના
N.S.S.
:: વાર્ષિક શિબિર ::
તા. ૨૦/૦૩/૨૦૨૩ થી તા. ૨૬/૦૩/૨૦૨૩
માર્ગ સલામતી • અંગદાન • અંધશ્રધ્ધા નિવારણ
NOT ME BUT YOU
રાષ્ટ્રીય સેવા યોજના
N.S.S.
NOT ME BUT YOU

## <u>તારીખ :-26/03/2023</u>

આજે શિબિરમાં યોગ પ્રાણાયામ અને ગ્રામીણ રમતોનું આયોજન કર્યું હતું વહેલી સવારે વોલન્ટીયર્સ એ સુરેશભાઈ ભાવસારમાં માર્ગદર્શન નીચે વિવિધ યોગાસનો અને પપ્રાણાયામ કર્યા હતા.

ત્યારબાદ ગ્રામીણ રમતોનું આયોજન કર્યું હતું જેમાં સુરેશભાઈ ભાવસાર જેઓ પોતે દર વર્ષે ખેલ મહાકુંભ માં ગામના લોકોને લઈ જાય છે. તેમના માર્ગદર્શન નીચે વિવિધ રમતો રમાડી હતી. અને બધા જ લોકોએ ખૂબ જ ઉત્સાહથી તેમાં ભાગ લઇ રમતો રમી હતી.

ત્યારબાદ બપોર પછી કોલેજ સેમિનાર હોલમાં મેન્ટલ હેલ્થ અવરનેસ પ્રોગ્રામનું આયોજન કર્યું હતું જેમાં સામાજિક સેવા કાર્ય સાથે સંકળાયેલા રાહુલભાઈ ભદોરિયા તેમજ તેમની વાઈફ નીલમબેન જેમણે આત્મહત્યા વિષય પર ખૂબ જ હ્રદય સ્પર્શી વ્યાખ્યાન આપ્યું હતું. નીલમબેન પોતે જ આત્મહત્યાનું કરતા બચી ગયા હતા.તેમ જ તેમનો સગો ભાઈ પણ આત્મહત્યાથી જ અવસાન પામ્યો હતો તે અંગે ની વાત કરી હતી.

આ માનસિક ડિપ્રેસન કે માનસિક બીમારીથી તેમણે જે પણ ગુમાવ્યું તેનું પોતાના વક્તવ્યમાં વર્ણન કર્યું હતું તેમ જ સમાજમાં આજે મોટે પાયે લોકો માનસિક બીમારીમાંથી પરેશાન છે ત્યારે આપણે આવા માનસિક બીમાર લોકો ને શોધી કાઢીને તેમને મનોચિકિત્સક સુધી પહોંચાડવા જોઈએ. વગેરે અંગે માહિતી આપી હતી.




@ajay706922


આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર
રાષ્ટ્રીય સેવા યોજના
N.S.S.
વાર્ષિક શિબિર
NOT ME BUT YOU


@ajay706922


Azadi Ka Amrit Mahotsav
કાનૂની શિક્ષણ શિબિર
આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર
રાષ્ટ્રીય સેવા યોજના
N.S.S.
વાર્ષિક શિબિર
N.S.S.
મેન્ટલ હેલ્થ અવેરનેશ
NOT ME BUT YOU


Azadi Ka Amrit Mahotsav
રાષ્ટ્રીય સેવા યોજના
N.S.S.
@ajay706922


Azadi Ka Amrit Mahotsav
વાર્ષિક શિબિર

## તારીખ :-27/03/2023

આજે વાર્ષિક શિબિર નો સમાપન દિવસ હતો સાત દિવસની શિબિરમાં છેલ્લા દિવસે સમાપન સમારો મા. શિ. મંત્રી. શ્રી કુબેરભાઈ ડીંડોર પધારવાના હતા પરંતુ આકસ્મિક રીતે તેમને બહાર જવાનું થતા તેઓ આવી શક્યા નહીં. અમારા મુખ્ય મહેમાન તરીકે લુણાવાડા થી પદ્મ શ્રી ડૉ.પ્રવીણ દરજી સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. શાળાનો સંપૂર્ણ સ્ટાફ ગ્રામજનો શાળાના બાળકો અને કોલેજ નો સ્ટાફ પણ સમાપન સમારોહમાં ઉપસ્થિત રહ્યો હતો .

શાળાના બાળકોએ ખૂબ જ સુંદર સ્વાગત ગીત તેમજ ટીમલી નૃત્ય રજૂ કર્યું હતું. અને ત્યારબાદ દરજી સાહેબે સુંદર ભાષણ આપ્યું હતું. પ્રો. એ જી ઠાકોર (NSS P. O) એ સમગ્ર શિબિર નો અહેવાલ રજૂ કર્યો હતો. અને વિદ્યાર્થીમાં રાઘવ ડામોર અને રોમા પરમારે શિબિરના અનુભવો જણાવ્યા હતા

શાળાના આચાર્ય લક્ષ્મણભાઈ ખરાડીએ પણ આભાર વ્યક્ત કર્યો હતો. નાના બાળકો માટે ઇનામ વિતરણ અને NSS વોલન્ટીયર્સ માટે સર્ટિફિકેટ વિતરણ નો કાર્યક્રમ પણ કર્યો હતો. પદ્મશ્રી પ્રવીણભાઈ દરજી સાહેબના હસ્તે સર્ટિફિકેટ તેમજ ઇનામ વિતરણ કાર્યક્રમ રાખ્યો હતો.




N.S.S.


YOU
@ajay706922


N.S.S.
NOT ME
@ajay706922
રાષ્ટ્રીય સેવા યોજના
N.S.S.




REDMI NOTE 10 PRO MAX
HAPPY2HELP


REDMI NOTE 10 PRO MAX
HAPPY2HELP




શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ, (ગોધરા) સંલગ્ન
રાષ્ટ્રીય સેવા યોજના
@ajay706922




REDMI NOTE 10 PRO MAX
HAPPY2HELP